www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Monday 15 June 2015 – Morning

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

**SPECIAL SHEET**

*5109369099*

**Duration:** 2 hours 45 minutes

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Section B and C.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **8** pages. Any blank pages are indicated.

**INSTRUCTION TO EXAMS OFFICER / INVIGILATOR**

- Do not send this insert for marking; it should be retained in the centre or recycled. Please contact OCR Copyright should you wish to re-use this document.

© OCR 2015 [K/500/8404]
DC (RW) 112424 OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

**સવાલ ૩ થી ૭ Tasks 3 to 7 સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "બગીચામાં સ્વર્ગ" પર આધારિત છે.**

### બગીચામાં સ્વર્ગ

૧ રજનીભાઈ અને જયાબહેન સૂરત શહેરની બાજુમાં આવેલી તેમની વિશાળ વાડીને છેડે બાંધેલા બંગલામાં રહેતાં. બંગલામાં ઘણી સગવડો હતી એટલે દંપતિનું જીવન આરામથી વીતતું હતું. લંડનમાં સ્થાયી થયેલો તેમનો પુત્ર, ચિરાગ, તેમને લંડન આવી જવા ખૂબ આગ્રહ કરતો પણ તેઓ માનતા કે આમ કુદરતને ખોળે બેસીને જીવવાનું તેમને લંડનમાં તો ક્યાંથી મળવાનું એટલે તેઓ પુત્રની વાત ટાળતા. ચિરાગે તેનાં માતાપિતાને વાડીના અને ઘરના કામમાં મદદરૂપ થવાં માટે એક યુગલને રાખ્યું હતું અને તે બન્ને બંગલાની બાજુના નાનકડા મકાનમાં રહીને રજનીભાઈ અને જયાબહેનને તેમનો સદાનો સહકાર આપતા.

૨ પુત્ર ચિરાગના લગ્ન વખતે તેઓ યુ.કે. આવ્યાં અને લંડનની બહાર આવેલા ચિરાગના મકાનને ફરતે ખીલેલી વનરાજી જોઈ તેમને તેમની માન્યતા ખોટી પડતી લાગી. ઉપરાંત તેમની સ્વતંત્ર રહેવાની ઈચ્છા જાણીને ચિરાગે તેના મકાનની બાજુમાં જ તેમને એક બંગલો ખરીદી આપ્યો. બંગલાની ચારે તરફ બગીચો જોઈને રજનીભાઈએ ખુશ થઈને કહ્યું, "કુદરતને ખોળે તો અહીં પણ રહી શકાશે."

3 ભારતમાં પોતાની દુકાનમાંથી નિવૃત્ત થયા બાદ રજનીભાઈ નવરાશનો સમય તેમની વાડીમાં વીતાવતા હતા એટલે તેમને શાકભાજી અને ફળ-ફૂલ ઉછેરવાની આવડત હતી, પણ યુ.કે.ના વિપરીત હવામાનમાં આ કામ કેવી રીતે કરવું તેનો કક્કો પણ તેઓ જાણતા ન હતા. તેમને હોંશ હતી એટલે તેમણે એક સંસ્થામાં જોડાઈને વાવણી અને છોડની સંભાળ વિશે શીખી લીધું.

૪ વાવણીના કામની સાથે સાથે રજનીભાઈએ પર્યાવરણની સંભાળ લેવાનું પણ શીખી લીધું અને પછી જયાબહેનને સમજાવ્યું, "જયા, પાછળના બગીચાના એક ખૂણામાં એક મોટું પીપ મૂક્યું છે તેમાં તું રસોડાના કચરાને ભરીશ એટલે તેમાંથી કુદરતી ખાતર બનશે. બીજા ખૂણે પેલું નાસપતિનું મોટું વૃક્ષ છે તેમાં ઘણાં પક્ષીઓએ માળા બાંધ્યા છે. વધારે પક્ષીઓને આકર્ષવા મેં મેજ મુકાવ્યા છે તેમાં ચણ પૂરતી રહેજે. તે વૃક્ષની નીચે થોડી જગ્યામાં આપણે જાતજાતની વનસ્પતીને ઊગવા દેશુ. એ ભાગ અનેક જીવો માટે વન સમાન બની જશે." "અને જો, બહાર ઊગી શકે એવાં શાકભાજી આપણે બહાર જ ઉગાડીશું. બીજાં માટે ઘરની નજીક જ મોટું કાચઘર ચણાવ્યું છે અને તેમાં ગરમીની વ્યવસ્થા પણ કરી છે, તેમાં આપણે બન્ને ભારતનાં શાકભાજી ઉગાડીશું. આપણા કુટુંબને રોજ રોજ તાજાં શાક ખાવાં મળશે અને વધારાનાં પાડોશમાં આપીશું." ત્યાર પછી રજનીભાઈએ ઘરની આગળના બગીચાને અનેક જાતના ફૂલોથી મહેકતો કર્યો અને વચ્ચે હિંડોળો મુકાવ્યો. ઉનાળાની સાંજનો સમય તેઓ આ હરિયાળીમાં આનંદથી પસાર કરતા.

www.xtrapapers.com



સવાલ ૮ થી ૧૧

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "યુ.કે.માં ગુનાખોરી" પર આધારિત છે.**
**નીચે આપેલો લેખ વાંચો.**

**તમારૂં કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**યુ.કે.માં ગુનાખોરી**

૧ રોજ સવારે સમાચાર વાંચીએ, સાંભળીએ કે જોઇએ, તો તેમાં કોઈ ને કોઈ ખૂનખરાબી કે લૂંટફાટની વાત જાણવા મળે જ. લોકો પાસેથી કોઈને ઘેર ચોરી થઈ હોય કે કોઈનું ઘરેણું ખેંચાયું હોય તે જાણવા મળે. ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હશે જ્યારે કોઈ ગુનો ન થયો હોય.

૨ રાષ્ટ્રીય અહેવાલો આપણને કહે છે કે ગુનાખોરી ઓછી થતી જાય છે પણ સગાં-સંબંધીઓ સાથે વાત કરતાં આપણને લાગે છે કે દેશભરમાં ગુનાખોરી વધી છે. આનું કારણ એ હોઈ શકે કે ગુનેગારો ગુજરાતી ઘરોને અને લોકોને વધારે લૂંટવા લાગ્યા છે. આજકાલ કોઈ કોઈ ગુજરાતીઓ પણ ગુનાખોરીમાં સંડોવાયેલા હોય એમ જણાય છે. આ દેશના કિશોરોની કેટલીક ટોળકીઓમાં છરી – ચાકુના ગુનાઓ વધ્યા છે પણ ઘણાં માતા-પિતાઓ તેમનાં સંતાનો આવી ટોળકીઓના સભ્ય ન બને તેનું ખાસ ધ્યાન રાખે છે.

3 યુ.કે. જેવા **સાધન-સંપન્ન** દેશમાં ગુનાઓ વધવાનું કારણ શું હોય શકે? પાયામાં જોઈએ તો આ દેશમાં **કુટુંબ વ્યવસ્થા તૂટી રહી છે**. એક જ જણ કમાનાર હોય તેવા કુટુંબમાં કેટલાયે બાળકો **ગરીબીની રેખા** પર જીવી રહ્યાં છે. જ્યારે બીજી કોઈ રીતે **જીવન જરૂરીઆતો** પૂરી ન થાય ત્યારે આ બાળકો ગુનાઓ કરતા થઈ જાય છે કે કોઈ **ટોળકીના શિકાર બને છે**. પછી તો મહેનત કર્યા વગર ઘણું મેળવી લેવાની વૃત્તિ વ્યક્તિને **ચોરી કરવા પ્રેરે છે**.

૪ વર્ષો પહેલાં યુ.કે.માં ગુનાઓનું પ્રમાણ નહિવત્ હોવાથી લોકો શાંતિની નિંદર કરી શકતાં. અત્યારે ગુનાઓ વધ્યા છે પણ જો ઘણા લોકો અને સંસ્થાઓ સાથ આપે તો તેને ઓછા કરી શકાય. હું વાલીઓને કહું, "તમારા સંતાનોને બાળપણથી જ જીવનના મૂલ્યોની સમજ આપો જેથી તે સાચું શું અને ખોટું શું તે સ્પષ્ટ સમજી શકે." હું શિક્ષકોને કહું, "વિદ્યાર્થી તેના સહાધ્યાયીઓને માન આપે એવા વાતાવરણનું સર્જન કરો અને બાળકના મનમાં પોતાની ન હોય તે વસ્તુ લેવી તે વાજબી નથી એવી ખાસ છાપ ઉપસાવો. આ તમારી જવાબદારી છે." સરકારને કહું, "પોલિસખાતામાં દરેક જાતિના અફસરોની ભરતી કરો જેથી તેઓ તેમની જાતિના ગુનેગારોનો વિશ્વાસ પ્રાપ્ત કરી શકે અને ટોળકીઓને તોડીને ગુનાઓ ઓછા કરવામાં સફળ નીવડે. ન્યાયાધીશોને છૂટ આપો કે તેઓ ગુનેગારોને તેમના ગુના પ્રમાણેની સજા આપી શકે. ગુનેગારો સજાના ડરથી ગુના કરતાં બંધ થઈ જશે."

www.xtrapapers.com



## SECTION C – Writing

**નીચેના સવાલોમાંથી <u>એક</u> ચૂંટો. <u>ગુજરાતીમાં એક</u> નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં કોઈ પણ દેશમાં વસેલા ગુજરાતી ભાષા બોલતા સમાજને લગતા દાખલા અને માહિતીનો સમાવેશ થવો જોઈએ.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

### સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા

"ગુજરાતી માતાપિતાઓની વધતી જતી અપેક્ષાઓને કારણે યુ.કે.ના ગુજરાતી બાળકો તેમનું બાળજીવન શાંતિપુર્વક કે આનંદપુર્વક જીવી શકતા નથી."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? દાખલા તરીકે, બાળક માટે વધારાના ટ્યુશનો રાખવાં, તેને અનેક પ્રવૃત્તિઓ કરાવવી, વગેરે વિશે વાત કરીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

### સવાલ ૧3 સમાજ: બેકારી

તમારા યુવક મંડળ માટે એક લેખ લખો. તમારા લેખમાં આગળ અભ્યાસ કરીને તૈયાર થયેલા કિશોરોને સમજાવો કે તેમને આ દેશમાં તેમના અભ્યાસ પ્રમાણે કામ ન મળતું હોય તો તેમણે શું કરવું. પરદેશમાં કામ, અન્ય તાલીમ, તે માટેની તૈયારી, વગેરેને ધયાનમાં રાખી તમારો લેખ લખો અને આ વિકલ્પોના ફાયદા અને ગેરફાયદા સમજાવો.

### સવાલ ૧૪ પર્યાવરણ: કુદરતી દુનિયાની જાળવણી

"જો આપણે આપણી આવતી પેઢીઓ માટે કુદરતી વાતાવરણને બચાવવું હોય તો આપણે જે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં કાપ મૂકવા જોઈએ અને પર્યાવરણને હાનિ કરે તેવા ઉપભોગો તદ્દન છોડવા જોઈએ."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ગુજરાતી સમાજમાં થતો કાગળ, પાણી, ઊર્જા વગેરેનો ઉપયોગ અને મોટાં મકાનો, ગાડી, રજાના સ્થળો વગેરે ઉપભોગો સંબંધી લખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

### સવાલ ૧૫ પર્યાવરણ: વ્યક્તિ અને પર્યાવરણ

તમારી નિશાળના સામયિક માટે 'વૈશ્વિક ગરમાવો – ગ્લોબલ વોર્મિંગ' એ વિષય પર લેખ લખો. લેખમાં, ગુજરાતી લોકો કઈ કઈ રીતે વૈશ્વિક ગરમાવો વધારે છે તે લખો અને ગરમાવો ઓછો કરવા માટેનાં સૂચનો આપો અને આમ કરવાથી થતા ફાયદાઓ સમજાવો.

www.xtrapapers.com



**સવાલ ૧૬ વિજ્ઞાન અને ટેકનોલોજી: તબીબી વિજ્ઞાનનો વિકાસ**

"ઘણા લોકો કહે છે કે યુ.કે.ની સરકારે નેશનલ હેલ્થને અપાતા પૈસામાં કાપ મૂક્યો છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? તમને અગર તમારાં ગુજરાતી સગાં-સંબંધીઓને નેશનલ હેલ્થના ડોક્ટરો, તેની ઈસ્પિતાલો, નર્સો અને દવાદારૂ વિશેના જે અનુભવો થયા હોય તેને ધ્યાનમાં રાખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૭ વિજ્ઞાન અને ટેકનોલોજી: ટેકનોલોજીનો વિકાસ**

"નિશાળનું કામ અને કંપ્યૂટર" - એ વિષય પર તમે તમારી નિશાળના નાના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનું ભાષણ તૈયાર કરી રહ્યા છો. તમારા ભાષણમાં કંપ્યૂટર વાપરીને નિશાળના કામની યોજના કેવી રીતે કરી શકાય અને તે માટે જોઈતી સાચી માહિતી કઈ રીતે મેળવી શકાય તે કહો. વિદ્યાર્થીઓએ કેવી રીતે ચેતવું પણ જોઈએ તે સમજાવો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: રાજકારણ**

"ભારતમાં ચૂંટણીનો જંગ ખેલાય તે પહેલાં જ જીત કોની થવાની છે તે નક્કી હોય છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ૨૦૧૪માં ચૂંટણીમાં ભાગ લઈ રહેલા હરીફો અને ચૂંટણીજંગને ધ્યાનમાં રાખી તમારા અભિપ્રાયોનું સમર્થન કરો અને કહો કે તેમાં કયા ફેરફાર જરૂરી છે.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા**

ભારતના એક સામયિક માટે એક લેખ લખો. લેખમાં ભારતના કોઈ પણ બે ધર્મગ્રંથો કે શાસ્ત્રોનો ઉલ્લેખ કરો અને સમજાવો કે તે લોકોને કઈ શીખામણ આપે છે અને આજે તે કેટલે અંશે પ્રસ્તુત છે.

© OCR 2015

www.xtrapapers.com



**BLANK PAGE**

© OCR 2015

www.xtrapapers.com



**BLANK PAGE**

© OCR 2015

www.xtrapapers.com



OCR
Oxford Cambridge and RSA

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2015